નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અઘરી માંડી છે રમત રહેવા દે !
આગ સામે આવડત રહેવા દે !
દે તો સીધું દે,શરત રહેવા દે,
ભાવ કહી દે,ભાગવત રહેવા દે !

- સંજુ વાળા.

પાથેય

- રમેશ ઠક્કર

સ્નેહની સરવાણી

ઘણા લોકોને માટે કોઈને કોઇ વળગણ એ જાણે ગળપણ જેવું બની જતું હોય છે..ઈશ્વરે આપણા મનમાં ગયા અને અણગમાનો જે ભાવ મૂક્યો છે એ કમાલ છે.આપણે સહુ દરેક ચીજ કે ઘટના કે વ્યકિતને માનીતી કે અણમાનીતી એવાં ચોકઠાંઓમાં ગોઠવતા રહીએ છીએ..કોઈપણ વસ્તુ માટેનો લગાવ એ જયારે આદત બની જાય ત્યારે એ વળગણ બની જાય છે.ગમતું એ સહજ છે પણ ગમવામાં ગોથું ખાઈ જવું એ બરાબર નથી.

જગતમાં અનેક ઘટનાઓ આકાર લેતી રહે છે..દરરોજ નીત નવી બાબતો આપણને જાણવા મળે છે.માણસ ધારે તો પણ એને રોકી શકતો નથી..પ્રત્યેક વ્યકિતની પોતાની એક વૈચારિક પધ્ધતિ હોય છે. એના જન્મજાત ઉછેર કે એને મળેલી માન્યતાઓ થકી બનેલી એક ચોક્કસ દ્રષ્ટિ હોય છે..એના આધારે જ એ કોઈપણ ચીજ કે પ્રસંગ માટેના ગમે કે અણગમા ધરાવતો રહે છે..વાસ્તવમાં જોઈએ તો જગતમાં બનતી કોઈપણ ઘટના કે ચીજ એ સાપેક્ષ હોય છે.એક જ બાબત દરેકને માટે અલગઅલગ અસર ઉપસાવતી હોય છે. આ તો જાણે એક વ્યવહાર જેવી વાત થઈ પણ જગત શું ફકત વ્યવહારિક બાબતોથી જ ચાલે છે? જીવનમાં ભૌતિક બાબતો જ નિર્ણાયક પરિબળ ગણાય? લાગણી સ્નેહ કે સદભાવ કેવળ આદર્શો જ છે? કિતાબો મેં છપતેં હૈ ચાહત કે કિસ્સે ..હકિકત કી દુનિયા મેં ચાહત નહીં હૈ..એવું ઘણાને લાગતું પણ હોય છે...પરંતુ આપણી ઘણી બધી બાબતો કોઈકની શુભેચ્છાઓ થકી જ પાર પડતી હોય છે..

ગમા અણગમા માટે નિસ્વાર્થ સ્નેહ એ મોંઘેરી વાત છે..એવું કહેવાય છે કે જયાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા અસરકારક બની જાય છે...ડાહ્યા માણસો અચૂક કહે છે કે કોઈની પણ લાગણી ના દુભવવી...માનવ મનના શુભ અશુભ ભાવો થકી જ જગત પ્રતિબિંબિત થાય છે એ હકિકત છે..એ રીતે જોઈએ તો આપણી પસંદગી માટે કોઈક માટેનો સદભાવ કે શુભનિષ્ઠા એ પણ મહત્ત્વનાં પરિબળો છે. આ સાદી વાતને સમજવા હદયનો તાલ મેળવવો પડે..ભીતર તાગવું પડે...સાચા હદયની શુભેચ્છા કે અંતરના આશીર્વાદ હંમેશાં ફળે છે..'કોઈકની આંતરડી ઠારવી' જેવો શબ્દપ્રયોગ આપણી ભાષાની દેન છે..જે દ્વારા માણસને માલમિલકતની નહી પણ મનોભાવોથી માપવાની વાત કરવામાં આવી છે..બીજાની સાથે નિસ્વાર્થપણે સંબંધો નિભાવવામાં જ આપણને સાચી હકિકતનો અંદાજ આવતો હોય છે. આપણે જયારે નિસ્વાર્થ ભાવે કશુંક વ્યકત કરીએ છીએ ત્યારે દુનિયામાં પણ એનો પડઘો પડે જ છે..પરસ્પરના ગમવા કે ના ગમવાનાં કારણોમાં મોટાભાગે એકમેક તરફના પૂર્વ ખયાલો કે માની લીધેલી બાબતો જ ભાગ ભજવતી હોય છે..પરસ્પર વહેતું સ્નેહનું ઝરણું જ કદાચ કોઈપણ ઘટના અંગે આપણને સમતોલ રહેવા મદદ કરે છે.પ્રેમનું રસાયણ અમોઘ છે..કેવળ ભોતિકતાના ભ્રમમાં રાચતો માણસ સ્નેહની સરવાણીનું સિંચન કરે તો પણ,સુખની લીલીછમ વનરાજી છવાઈ જતી હોય છે....

ડગલું ભર્યું કે ના હટવું...

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સતત કંઈ નવું પરાક્રમ સુઝે છે. 'અમર જવાન જયોતિ' નો નેશનલ વૉર મેમોરિયલમાં વિલય કરીને એમણે એક નવો વિવાદ ઊભો કર્યો છે. આ જયોતિ ૧૯૭૧ના બાંગ્લાદેશ વિજય નિમિત્તે તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી દ્વારા પ્રગટાવાઈ હતી. ઈંડિયા ગેટની તોતિંગ દીવાલો સામેની આ જયોતિને દર પ્રજાસત્તાક દિને વિધિવત્ સલામી મળતી હતી. ઈંડિયા ગેટ પર અંગ્રેજ શાસન દરમિયાન વિશ્વયુદ્ધ તથા અફઘાન વૉરમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોનાં નામ અંકિત કરાયેલ છે પરંતુ નરેન્દ્ર મોદીની સંકલ્પના મુજબના સેન્ટ્રલ વિસ્ટામાં સ્થિત નેશનલ વૉર મેમોરિયલમાં પાકિસ્તાન સામેની થતા એથી અગાઉ ચીન સાથે લડાઈમાં શહીદ થયેલા સૈનિકોનાં નામ આલેખાયાં હોઈ જયોતિને એના મૂળ સ્થાનેથી ખસેડી નવા સરનામે સ્થાપિત કરવાનો નિર્ણય કરાયો અને વિધિવત્ સૈનિકોની સલામી સાથે એમાંથી પ્રગટાવાયેલી મશાલની જયોતિને નેશનલ વૉર મેમોરિયલની અખંડ જયોતમાં વિલીન કરી દેવાઈ. ઘણા બધા વિપક્ષી આગેવાનો ઉપરાંત નિવૃત્ત સૈનિકોની લાગણીને એથી ઠેસ પણ પહોંચી છે. પણ સરકારના હાથ લાંબા છે. એ તો નહેરુથી લઈ રાજીવ ગાંધી અને મનમોહનસિંહ સુધીના સૂત્રધારોની કોંગ્રેસ સરકારો દ્વારા જ સ્થાપિત સ્મૃતિને નામશેષ કરવા માટે જ જાણે કૃતસંકલ્પ હોય એવો સોનારિયો સરજાયો છે. મોદીએ ગુજરાત શાસન દરમિયાન તોતિંગ મહાત્મા મંદિર બનાવીને તથા અમદાવાદમાં રિવરફ્રંટ યોજના અમલી કરીને એમના 'ઈનોવેટિવ' ફળદ્રુપ ભેજાનો પરચો બચાવ્યો હતો. વડાપ્રધાન થયા પછી એ દિલ્હીને પણ એનો લાભ આપે તે અપેક્ષિત હતું જ. વડાપ્રધાનના નિવાસ સામેના માર્ગને તાબડતોબ બદલી 'રેસકોર્સ રોડ'ને 'લોક કલ્યાણ માર્ગ' તથા 'ઔરંગઝેબ રોડ'ને 'એપીજે અબ્દુલ કલામ માર્ગ' જેવાં નવાં નામકરણ પછી હજી આખી સંસદ અને સરકારી ભવનોના નવ નિર્માણનો નિર્ણય એમને કોરોનાકાળની વિષય આર્થિક પરિસ્થિતિ છતાં અમલી બનાવવામાં જ શ્રેય જોયું. નેતા મક્કમ મનનો હોવો જોઈએ અને નર્મદની બાનીમાં કહીએ તો 'ડગલું ભર્યું કે ના હટવું' જેવી દૃઢ પ્રતિજ્ઞા પાળતા હોય એમ વડાપ્રધાન એમના મનના વિચારો કે તરંગોને મૂર્ત સ્વરુપ આપીને જ જંપે છે. કયારેક જન આંદોલન સામે ચૂંટણીમાં નુકશાન જશે એવી ગણતરીથી જરૂર પારોઠનાં પગલં ભરે છે, પણ સમય આવ્યે એ પાછા ખેંચાયેલા ખેડૂત કાનૂન પણ ફરીથી અમલી બનાવાય તો કહેવાતા ખેડૂતોને નવાઈ નહીં લાગે. વડાપ્રધાને કોવિડ-૧૯ વિરુદ્ધ રસીકરણનું શસ્ત્ર સુપેરે ઉપલબ્ધ કરાવ્યા છતાં ચાઈનીઝ કોરોનાએ પીછેહઠ કરી નથી. મોદી અને કોરોના એ બે પૈકી બળિયું કોણ એની જાણે કે હરિફાઈ ચાલી રહી છે. કોરોનાએ પણ ઓમિક્રોન અવતાર ધારણ કરી નમતું જોખ્યું હોય એમ લાગે છે. જો કે ચીનના શી જિન પિંગની જેમ મોદી દેશમાં હજુ લોકશાહી ચાલતી હોઈ 'ઝીરો કોવિડ પોલિસી' નો અમલ નથી કરાવી શકતા. ચીની વૈજ્ઞાનિકોના મતાનુસાર કોરોના બીજે કયાંક ડિટેક્ટ ના પણ થાય, પરંતુ એ માનવીના રેક્ટમ (મોટા આંતરડાના છેલ્લાં ભાગમાં) મળી શકે. આથી બીજિંગ ઓલિમ્પિક પૂર્વે ચીને હવાઈ મથકો પર ઊતરતાં વિદેશીઓની ગુદામાં સ્વૉબ દાખલ કરી કોરોના ટેસ્ટિંગનો જરા અરુચિકર લાગે એવો અખતરો શરૂ કર્યો છે. આપણા દેશને તો સોમનાથ દાદાના આશીર્વાદ છે, ભગવાન રામચંદ્ર બેઠા છે ધનુષ લઈને આપણી રખેવાળી કરવા ! વડાપ્રધાનને કોરોના કરતાં સોમનાથ ખાતે કરોડોના ખર્ચે બનેલા નવા સરકીટ હાઉસમાં વધારે રસ છે.

સમાજને શિક્ષણનો તાળો અને સરવાળો મળવો જોઈએ

આરપાર
રાઘવજી માધડ

આજે મેઘરવાએ મહેર કરી છે. ચોતરફ ધુમ્મસ છવાયું છે. ધુમ્મસ વચ્ચે ડાહ્યા-ડમરા થઈ ઊભેલા વૃક્ષો, વનરાજી અને રસ્તાઓને નિહાળવાનો લ્હાવો કોઈ ભાગ્યશાળીએ જરૂર લીધો હશે !બાકી બે દિવસ પૂર્વેતો ગુલાબી નહી,કાળી ઠંડીનો પદરવ પ્રસરી વધુને વધુ ઘટ્ટ થઈ રહ્યો છે.ક્યાંક હાડ સાથે હૈયા થીજવી દે અથવાતો કાચાપોચાના હાજા ગગડાવી દે એવી ટાઢ બોકાસો બોલાવી રહી હતી...જનજીવન પ્રભાવિત થઈ રહ્યું હતું એવું કહીએતો જરાય ખોટું નહોતું.પણ છતાંય આ તન-મનને તંદુરસ્તી બક્ષે એવા નરવા, ગરવા ને હુંફાળા વાતાવરણમાંથી પસાર થઈ રહ્યા છીએ.ત્યારે બે દિવસ બાદ સમગ્ર દેશમાં પ્રજાસત્તાકદિન ની કોરોનાના કહેર વચ્ચે પણ સાદગીસભર ઉજવણી થશે. આ લોકશાહીની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

આપણે સૌ પ્રત્યક્ષ કે પરોક્ષપણે સહભાગી થયાનું ગૌરવ અનુભવીશું તે સ્વાભાવિક છે.પણ આપણી જાત સમેત આવતી કે ઊગતી પેઢીને આઝાદી અને ગુલામીનો ભેદ કહેવો કે સમજાવવો પડશે.મહામૂલી આઝાદીની ઘેઘૂર છાયા તળે બેઠાં છીએ ત્યારે તેનાં મૂળમાં કેટલાંય વીર-સપૂતોના લોહી સીંચાયા છે, કેટ લીય કોડભરી કન્યાનાં સ્વપ્ન રોળાયા છે...ને અગણ્ય માતાઓના લાડકવાયા હોમાયા છે..એ કહેવું પડશે. સવિસ્તાર સમજાવવું પડશે. અન્યથા દેશની આઝાદીને સાચા અર્થમાં સમજવામાં ભારે મુશ્કેલી અનુભવાશે ...ને સ્વતંત્રદેશમાં હોવાનું સુખ ને ગૌરવ પામવાનું સહજતાથી ચૂકી જાય તે કોઈને પોસાય એવું નથી !

દેશના નાગરિકની પ્રાથમિક જરૂરિયાત કઈ...તો આરોગ્ય,શિક્ષણ અને સલામતી.એક પદ-પ્રતિષ્ઠિત મહાનુભાવ સાથેના સંવાદમાંથી સૂર પ્રગટ થયો હતો:આરોગ્ય વિભાગનો પદભાર ભાગ્યે કોઈને સંભાળવો ગમે છે.આ વાત,અભિપ્રાય વ્યક્તિગત હોઈ શકે પણ આઝાદી પીઢ ને પાકટ થઈ તેની કોઈ ના પાડી નહીં શકે.અંતરિયાળ વિસ્તારમાં ક્યાંક કોઈ ઠેકાણે આરોગ્ય સેવાનો અભાવ અને મહાનગરોમાં વિસ્તરી રહેલી ખાનગી અદ્યતન હોસ્પિટલો...આ દુવિધાને સુવિધા વચ્ચેનું અંતર ઓછું થાયતે પ્રજાસત્તાકદિનની ઉજવણી નો એક હિસ્સો બનવો જોઈએ.રહી શિક્ષણની વાત.આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે,છેક છેવાડાના વિસ્તારોમાં સ્કૂલ-કોલેજોશરુ કરવામાં આવી છે.ઉજળીને આવકારદાયક બાબત છે.પરંતુ શિક્ષણના વ્યાપ સાથે શિક્ષણ નું ઊંડાણ પણ વધવું જોઈએ.કોલેજ સુધી અભ્યાસરત થયેલા યંગસ્ટર્સમાં જીવનમુલ્યો અને કૌશલ્યોનો આવિર્ભાવ થાય તે અપેક્ષા વાંઝણી ન રહેવી જોઈએ.ખરેખરતો શિક્ષણ દ્વારા વ્યક્તિમાં રહેલી ઉર્જા,શક્તિનું પ્રગટીકરણ થવું જોઈએ.શિક્ષણનો મૂળ હેતુ એક ઉત્તમ માણસનું નિર્માણ કરવાનો છે.આ ઉદેશ્ય ચરિતાર્થ થયો હોય એવું ખોંખારીને કહી શકીએ એવું છે ખરું ?ગુજરાતભરમાંથી તેજસ્વી શિક્ષકોને વીણી વીણી,અહીં લાવી ચારેબાજુથી એડીચોડીનું જોર લગાવી જાતભાતના અખતરાઓ કરવામાં આવી રહ્યા છે.પણ બાળકએ ખાલી ઘડો નથીતે ઠાંસી ઠાંસી ભરી દેવામાં આવે !અને હા,કામગીરીમાં ગયેલા શિક્ષકોની વિદ્યાર્થીઓ કાગા ડોળે રાહ જોતા હશે,અમારા ગુરુજી પાછા ક્યારે આવશે ને અમને ભણાવશે ! પણ ફરી કોરોનાના કારણે સ્કૂલ અને શિક્ષકો ખુદ રાહ જોઈ રહ્યાં છે - વિદ્યાર્થીઓ પાછાં ક્યારે આવે ને અમે ભણાવીએ !

આ સઘળું પરિવર્તન થવા,કરવાના મૂળમાં શૈક્ષણિક ઉદેશ્ય જ હશે. નવું નવું કહેનાર, કરનાર સર્વ શિક્ષણસેવીને વંદન કરીને સાથે અભિનંદન પાઠવીએ. પણ આ બધું કર્યા પૂર્વેનું લક્ષ અને પછીની પ્રાપ્તિનો સમાજ અને શિક્ષણને તાળો કે સરવાળો મળવો જોઈએ.

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં આપણે સૌ આઝાદીના આ ઉત્તમકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. જે આ જીવનની સૌથી માટી ઉપલબ્ધિ હોઈ શકે. વિકાસ માટેની અનેક તકો, શક્યતાઓ આકાર લઈ રહી છે.સ્વથી સર્વકલ્યાણ થઈ શકે તેવો માહોલ અને સામર્થ્ય આપણામાં છે. આ સઘળા સાધન છે, સાધન સાથે સાધના ભળેતો ભયોભયો ! પ્રજાસત્તાકપર્વની શુભેચ્છાઓ સાથે...એક કવિશ્રીની કાવ્યપંક્તિ પાઠવું છું :'જે શોધવામાં આખી જિંદગી પસાર થાય, ને એ જ હોય પગ તળે એમ પણ બને !'

છેલ્લે :

આપણે ધારીએ એવું થતું નથી અને સમજીએ એવું હોતું નથી...આ એક હકીકત છે.

દિન મહિમા

- ૧૮૯૭ - સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ. ભારત સ્વતંત્રતા સેનાની અને આઝાદ હિંદ ફોજના સ્થાપક, સત્તાવાર રીતે પરાક્રમ દિવસ તારીકે ઊજવવામાં આવે છે.

આજનું

ઔષધ

- અરડુસીના પાંદડાનો ફૂલો સહિત રસ કાઢી મધ સાથે મીશ્ર કરી સવારે, બપોરે, અને રાત્રે લેવાથી થોડા દિવસોમાં જ દમ, ઉધરસ અને કફ, ક્ષય દૂર થાય છે.

ખડખડાટ

- બે છોકરીઓ ઝાડ નીચે ઘણી વારથી વાતો કરતી હતી. અચાનક એક કેરી નીચે પડી...
  છોકરી : અરે! શિયાળામાં કેરી કેવી રીતે પાકીને નીચે પડી?
  કેરીએ કહ્યું : તમારી વાતો સાંભળીને પાકી ગઈ છું...

આજનો

વોટ્સએપ

- વીતી ગયેલા સમયને આપણને બદલી ના શકીએ પણ આવનાર સમયને આપણે જરૂર સુંદર બનાવી શકીએ છીએ.

સપના, સંભાવના, તક, નિર્ણય, કર્મ અને પરિણામ = જીવન

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

જીવનમાં મોટેભાગે આપણે આપણી જ આદતોનો શિકાર બનતા હોઈએ છીએ. અને આવી આદતો આપણી પરિસ્થિતિ પર આધારિત હોય છે. મધ્યમવર્ગીય વ્યક્તિની માથે જે પારિવારિક જવાબદારીઓ હોય છે. તે સરખી રીતે પરિપૂર્ણ થતી હોતી નથી જેને કારણે વ્યક્તિ સ્ટ્રેસમાં આવી જાય છે અને કોઈપણ કૂટેવનો, વ્યસનનો શિકાર બની જાય છે. અને ધીમે ધીમે એ કૂટેવ – વ્યસન એના ઉપર હાવી થતું જાય છે.

આપણા સૌના જીવનમાં દૂર્ભાવવાળી સ્થિતિ આદત, કૂટેવ, વ્યસન, ગુસ્સો, નફરત, શંકા... વગેરે નકારાત્મક ભાવના ફેલાવે છે. આપણે એના પ્રભાવમાં એટલા બધા આવી જઈએ છીએ કે આપણું ઉચ્ચ શિક્ષણ પણ એને દૂર કરી શકતું નથી. કારણ કે શિક્ષણ એ બહારથી, પુસ્તકોમાંથી મેળવેલું જ્ઞાન છે જ્યારે આવી નકારાત્મકતા આપણા સ્વભાવ સાથે જ સીધી વણાઈ જાય છે. જેમાંથી છૂટવું ખુબ જ અઘરું હોય છે. આવી સ્થાયી સ્થિતિનો ભોગ બનીને આપણે મોટેભાગે જીવનમાં જે છે તેનો સ્વીકાર કરીને કંઈક નવું કરવાની શક્તિ, સમજ અને ધૈર્ય ગુમાવી બેસીએ છીએ. આને કારણે આપણે ખુદ જાણતા નથી હોતા પણ આપણે આપણી જ પરિસ્થિતિના ગુલામ થઈ જઈએ છીએ. આપણે જે કામ, નોકરી કે ધંધો કે પ્રવૃત્તિઓ કરતા હોઈએ છીએ એમાં જ આપણું જીવન પુરું થઈ જતું હોય છે. પછી એ સંઘર્ષ, પીડા, દુઃખ અને વારંવાર મળતી નિષ્ફળતાની આદત પડી જતી હોય છે. આવી દરેક વ્યક્તિ અંદરથી હારી જાય છે, તૂટી જાય છે. અંદરનું સાહસ, જોમ, જુસ્સો, નીડરતા બધુ જ નાની ઉમરે ગુમાવી દે છે. બહારથી માત્ર એનું શરીર અને સ્વભાવની જડતા જીવતા હોય છે. આવી વ્યક્તિઓ પોતે તો સુખી થઈ શકતી નથી પણ પોતાના પરિવારને પણ સુખ આપી શકતી નથી. અને પરિવારના બાળકોને સારું શિક્ષણ આપી શકતી નથી હોતી.

સમગ્ર જીવનને સફળ બનાવવા બે બાબત ખુબ જ અગત્યની છે. સૌ પ્રથમ તો જીવનમાં આવતી ''તક'' ને ઓળખવી અને પછી યોગ્ય નિર્ણય લેવો અને કાર્ય કરવું. પરંતુ મોટાભાગની વ્યક્તિઓ પોતાના જીવનમાં આવનાર તકને ઓળખી શકતી હોતી નથી. કેમ કે કોઈ નવી તક આવે એ પહેલા આપણે એ જ પ્રકારના કાર્યમાં અગાઉ નિષ્ફળ ગયા હોઈએ તો એ પૂર્વાનુભવને આધારે નવું કામ કરવા માટે પ્રેરિત થતા નથી. દા.ત. સ્કૂટર ચલાવવાનું શીખતી વખતે જો કોઈ અકસ્માત થાય તો પછી આપણે ક્યારેય સ્કૂટર કે કાર ચલાવવાનું શીખતા હોતા નથી. મનમાં એક ડર બેસી જાય છે. કોઈ એક બિઝનેશમાં નિષ્ફળ થયા તો ફરીથી એ બિઝનેશ કરવાનું સાહસ આપણામાં હોતું નથી. અને જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને કોઈ સામાન્ય નોકરીમાં લાગી જઈને જિંદગીને એક રૂટિનમાં બાંધી દઈએ છીએ. અને નકારાત્મક દૂર્ભાવવાળી સ્થિતિનો સ્વીકાર કરીને નિમ્નસ્તરની જીવનની સ્થિરતાના ગુલામ બની જઈએ છીએ. જીવન સામે કે પરિસ્થિતિ સામે લડવાની હિંમત કે સાહસ ગુમાવી દઈએ છીએ. અને બરાબર આવા જ સમયે વ્યક્તિ સામે નવી 'તકલ્ર આવતી હોય છે. જો એ સમયે આપણા પૂર્વાનુભવને બાજુ પર રાખીને થોડું સાહસ કરીને આવેલી નવી તકને ઓળખીને યોગ્ય નિર્ણય કરવામાં આવે તો જીવન બદલાઈ શકે છે. બાકી સમય પાસે એટલો સમય નથી હોતો કે એ આપણને ફરીથી સમય આપે. એક વખત જે સમય વિતી ગયો છે. તે વિતી ગયો છે. તે ફરી જીવનમાં પાછો આવતો નથી. સમય દરેક વખતે આપણી સામે જુદો જ આવે છે. આપણે એને એક રીતે પસાર કરીને નિષ્ફળ બનીએ છીએ. એ નિષ્ફળ જવાના કારણો વિશે વિચાર્યા વિના આપણે ભાગ્યનો કે સ્થિતિનો કે સમયનો દોષ કાઢીએ છીએ. પરંતુ આપણા પોતાનો સ્વભાવ કે આદતો કે વિચારો કે આપણામાં રહેલી અસમજણ વિશે કદી વિચારતા જ નથી. દુનિયાની દરેક વ્યક્તિ સફળ કે નિષ્ફળ માત્ર અને માત્ર પોતાના સ્વભાવ, આદત, વિચાર,સમજણ અને જિંદગીમાં લીધેલા સાચા, ખોટા નિર્ણયથી થતી હોય છે. ગમે તેવી પરિસ્થિતિ ગમે ત્યારે બદલાઈ શકે છે.

એક સત્ય એ પણ છે કે દરેક વ્યક્તિ એની સમજણ, સ્વભાવ અને સ્થિતિના લેવલનું જ કમાઈ શકે છે. વ્યક્તિના વ્યક્તિત્વથી જ ખબર પડી જાય કે તે કેટલા કમાતો હશે. કેમ કે વ્યક્તિની આવક પ્રમાણે એનું બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વ વિકસતું હોય છે. તેથી જો જીવનમાં ખુબ જ કમાવું હોય તો પહેલા એ પ્રમાણેનું વ્યક્તિત્વ બનાવવું પડે. મહિને લાખ રૂપિયા કમાવવા હોય તો જે લોકો મહિને લાખ રૂપિયા કમાય છે એના વ્યક્તિત્વનો અભ્યાસ કરવો જોઈએ, તેઓ કંઈ રીતે બોલે છે, કેવા કપડા પહેરે છે, કેવું વિચારે છે, કેવી રીતે બધા સાથે વ્યવહાર રાખે છે એ બધુ એની પાસેથી શીખવું જોઈએ. બાકી માનસિકતા સંકૂચિત રાખીએ સ્વભાવ શંકાશીલ રાખીએ તો આવક પણ સંકૂચિત જ હશે. જીવન અનેક પ્રકારની તકોથી ભરેલું છે. પ્રકૃતિ દરેક વ્યક્તિને જીવનમાં કંઈક કરવા માટે વારંવાર તકનું નિર્માણ કરતી હોય છે. પણ એ તકને ઓળખવી એ દરેક વ્યક્તિની પોતાની સમજણ ઉપર આધારિત હોય છે. અને આ સમજણ સ્વયંભૂ હોય છે. જે શિક્ષણ કે સંસ્કારથી આવતી નથી હોતી.

જીવનની સફળતાનો એક મોટો આધાર તમારી આસપાસનો માહોલ પણ હોય છે. તમે કેવા વાતાવરણની વચ્ચે, માહોલની વચ્ચે રહો છો એ પણ મહત્વનું છે. જો તમે સાવ અશિક્ષિત કે નિમ્નસ્તરના લોકોની વચ્ચે રહો છો તો તમારી માનસિકતા પણ એવી જ બનશે. અને ધારો કે વ્યક્તિની આર્થિક સ્થિતિ ખુબ નબળી છે એ રહે છે એની આસપાસનો માહોલ સારો નથી પણ એ વ્યક્તિ સારા માણસોની સાથે કામ કરીને પોતાની આસપાસનો નવો માહોલ બનાવી શકે છે. સારું શિક્ષણ, સારું વાંચન, સારા મિત્રોથી વિચારો બદલાય છે. આ રીતે પોતાના આખા પરિવારને નવા માહોલમાં લઈ જઈ શકાય છે. સિંહના બચ્ચાને પણ જો કુતરાંઓના બચ્ચાની વચ્ચે ઉછેરવામાં આવે તો એનો સ્વભાવ પણ કૂતરા જેવો જ થઈ જશે, સિંહ હોવા છતાંય મોટો થઈને એ શિકાર કરી શકશે નહીં, એ કુદરતી ક્રમ છે. પણ મોટાભાગની વ્યક્તિ આવું વિચારતી જ નથી. પોતાની જિંદગીની સાયકલને પેડલ મારી મારીને ચલાવ્યે જ રાખે છે. આવા લોકો એમ માનીને ખુશ રહે છે કે આપણી પાસે સાયકલ તો છે ને ? બીજા ઘણાની પાસે તો સાયકલ પણ નથી. આવી વિચારધારાને કારણે અનેક ટેલેન્ટવાળા યુવાનો – પરિવારો આખી જિંદગી સાયકલવાળી માનસિકતામાં જ પસાર કરી દે છે. એ નથી પોતાના સપના પુરા કરી શકતા કે નથી પોતાના પરિવારના, સંતાનોના સપના પુરા કરી શકતા. નથી બાળકોને સારું શિક્ષણ આપી શકતા પરિણામે બાળકોમાં પણ આવી જ માનસિકતા જન્મે છે.

જીવન અનેક સંભાવનાઓથી ભરેલું છે. એમાં અનેક પરિવર્તનો સંભવી શકે છે. રિલાયન્સના સ્થાપક ધીરુભાઈ અંબાણી કે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન કે સચિન તેંડુલકર કે ધોની કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોય, આ બધા એક સમયે કશુ જ નહોતા. આરંભે અનેક વાર નિષ્ફળ ગયા છે પણ તેમણે કદી પરિસ્થિતિ સામે હાર સ્વીકારી નથી. નિષ્ફળતાને સફળતાનું પગથિયું માનીને આગળ વધતા ગયા, નવા નવા સાહસો કરતા ગયા, જે તે ક્ષેત્રમાં નિષ્ફળ જવા છતાંય ટકી રહ્યા, પુરી શ્રદ્ધાથી કામ કરતા રહ્યા, પરિણામે સફળતાના શિખરે પહોંચ્યા. આ સંસારમાં એવી શક્તિ જરૂર છે કે જો તમે સાચા દિલથી કાંઈ પણ કરો તો એમાં સફળતા મળે જ છે. પછી એ સપનું હોય કે સાહસ.

મિત્રો, દુનિયામાં એક પણ મહાન કે અમીર વ્યક્તિ એવી નથી કે જે આરંભે અનેકવાર નિષ્ફળ ના ગઈ હોય. જુદી જુદી મુશ્કેલીઓનો સામનો ના કર્યો હોય, નકારાત્મકતાનો, ટીકાઓનો ભોગ ના બની હોય – પણ છતાંય આ બધામાંથી પાર ઉતરીને એણે દુનિયામાં નામ રોશન કર્યું છે. જ્યારે જે સમયે આપણે આપણી પરિસ્થિતિનો સ્વીકાર કરી લઈએ છીએ તે જ દિવસથી આપણી હાર નિશ્ચિત થઈ જતી હોય છે. આપણું નસીબ પણ આપણને સીધે સીધુ સામે આવીને નથી કહેતું કે '' હું આવ્યું '' એ પણ કોઈ તક બનીને જ આવે છે. સારા સત્કર્મો કર્યા હોય તો એના બદલામાં ખુદ ઈશ્વર તમને ફળ આપવા નથી આવતો એ પણ કોઈ ''તક''ને જ તમારી સામે મોકલે છે. પરંતુ આપણે જ જો એ તકને ના ઓળખી શકીએ, એને ના સ્વીકારીએ તો ભાગ્ય કે ઈશ્વર પણ કશુ કરી શકતા નથી. ગરીબ ઘરમાં જન્મવું એ આપણું ભાગ્ય છે પરંતુ આખી જિંદગી ગરીબ રહીને ગરીબાઈમાં જ મરવું એ આપણું દૂર્ભાગ્ય છે. એના જવાબદાર માત્ર ને માત્ર આપણે જ છીએ. મિત્રો, ઈશ્વર આપણને સૌને જીવનમાં આવતી નવી તકોને ઓળખવાની શક્તિ આપે અને સૌનું જીવન સમૃદ્ધ બને. એવી ઈશ્વરને પ્રાર્થના.

9426060601.india@gmail.com

યુપી ઈલેક્શન : 'કામ' જીતશે કે 'કાસ્ટ' ?!

રજળપાટ
અજય ઉપાધ્યાય

ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, મણિપુર અને ઉત્તરાખંડ આ પાંચ રાજયોમાં આ લેખ તમે વાંચતાં હશો એના લગભગ વીસેક દિવસમાં ચૂંટણીઓ યોજવા જઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં ૧૦ ફેબ્રુઆરીએ પહેલા તબક્કાનું મતદાન શરૂ થશે એ સાથે આ પાંચેય રાજ્યોનો ચૂંટણીજંગ શરૂ થઈ જવાનો, જો કે પોલિટિકલ જંગ તો ક્યારનો શરૂ થઈ ગયો છે. ભલે પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ હોય પણ સૌથી વધુ ચર્ચા ઉત્તરપ્રદેશની થઈ રહી છે અને એના પછી અમુક અંશે પંજાબની. એવું નથી કે બાકીના બીજા ત્રણ રાજ્યોની ચૂંટણી બાબતે કોઈ ઉત્તેજના નથી પણ આ બે રાજ્યો જેટલી તો નહીં જ. એમાયે ૪૦૩ વિધાનસભા સીટ ધરાવતા ઉત્તરપ્રદેશનો ચૂંટણી ઉન્માદ ચરમસીમા પર છે. ભાજપ માટે આ ચૂંટણીઓ એટલા માટે અગત્યની છે કે પાંચ માંથી ચાર રાજ્યોમાં ભાજપની સરકાર છે અને સ્વાભાવિક છે કે ભાજપ પોતાની સત્તા જાળવી રાખવા માટે જોર લગાવવાની જ, એમાયે બંગાળમાં હાર ખાધા પછી બીજેપી માટે આ ચારેય રાજ્યો જીતવા મસ્ટ છે. પંજાબમાં કોંગ્રેસ સરકાર છે અને દેશમાં જેમ બીજે બધે ચાલે છે એમ કોંગ્રેસમાં કકળાટ હોવા છતાં અને કેપ્ટનની આડકતરી મદદ છતાં ત્યાં બીજેપીને એનો કોઈ ફાયદો થાય એમ છે નહીં પણ ઊલટાનું આમ આદમી પાર્ટીનો ઘોડો અત્યારે વિનમાં દેખાય છે એવામાં મોટા રાજ્યોની દ્રષ્ટિએ પણ ઉત્તરપ્રદેશ જીતવું ભાજપ માટે અગત્યનું છે.

ભારતીય રાજનીતિ સાક્ષી છે કે વડાપ્રધાન બનવાનો રસ્તો યુપીમાંથી પસાર થાય છે. અત્યાર સુધીના ૧૫ વડાપ્રધાનમાંથી ૮ યુપી ના હતા અને જો વારાણસીમાંથી જીતેલા મોદીને જોડીએ તો આ સંખ્યા ૯ ની થાય છે, એટલું જ નહીં પણ યુપી ના પરિણામો આસપાસના રાજ્યો બિહાર, એમપી અને રાજસ્થાનના પરિણામોને પણ અસર કરે છે. અને એટલે જ નરેન્દ્ર મોદી અને ભાજપે છેલ્લા ઘણા સમયથી યુપી પર ફોકસ વધાર્યું છે. મોદી છેલ્લા થોડા સમયમાં જ યુપી ની ૧૩ થી વધુ વાર મુલાકાત લઈને અનેક વિકાસ યોજનાનું યા તો ઉદ્ઘાટન કર્યું છે યા તો શિલારોપણ. ૨૦૧૪ થી અત્યાર સુધીની બધી જ ચૂંટણીમાં ભાજપ વિકાસના નામે જ વોટ માંગતી આવી છે અને યુપી માં પણ વિકાસના નામે જ વોટ માંગવામાં આવી રહ્યા છે. વિકાસની સાથે સાથે સલામતી, ગુંડાગીરીનો ખાતમો જેવા મુદ્દાઓની ચર્ચાઓ પણ ચૂંટણી પ્રચારમાં છે. યોગી સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા બાબતે ખૂબ સારું કામ કર્યું છે. યુપીમાંથી માફિયારાજ સમાપ્ત કરવા તરફ અનેકો અસરકારક પગલાં લીધેલા છે એટલું જ નહીં પણ યુપી રાજકારણની જે ઓળખ હતી એ જ્ઞાતિવાદનો ચકરાવો તોડવાના સાહસિક પગલાઓ પણ લીધેલા છે. અસલમાં ભાજપ અને યોગી રામ મંદિર, વિકાસના કામો, મથુરા નો વિવાદ, અખીલેશનો જિન્હા પ્રેમ, વિશ્વનાથ